# વિધાનસભામાં પ્રથમ દિવસે કોંગ્રેસનો હોબાળો

## કોંગ્રેસે સૂત્રોચાર સાથે હંગામો મચાવ્યો : રાજ્યપાલશ્રીએ પાંચ મિનિટમાં પોતાનું પ્રવચન ટુંકાવ્યું

ગાંધીનગર, તા.૨

ગુજરાત વિધાનસભા સત્ર ના પ્રથમ દિવસે જ ગૃહની કાર્યવાહી શરૂ થતાં જ વિરોધ પક્ષ કોંગ્રેસ ના સભ્યોએ ગૃહમાં સૂત્રોચ્ચાર શરૂ કરીને બેનરો પ્રસિદ્ધ કરી રાજ્યપાલશ્રીના પ્રવચનમાં ખલેલ પહોંચાડી ગૃહની કાર્યવાહી ખોરવી નાંખતા રાજ્યપાલશ્રીએ પોતાનું પ્રવચન ટુંકાવી દેવું પડયું હતું.

વિધાનસભાની કાર્યવાહીનો પ્રારંભ થયો હતો અને રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત ગૃહ ને સંબોધન કરવાનું શરૂ કર્યું તેની સાથે જ વિપક્ષ કોંગ્રેસના સભ્યોએ પોતાની જગ્યાએ ઊભા થઈને બેનર પ્રદર્શિત કરીને ગૃહ મંત્રી રાજીનામું આપે તેવા સૂત્રોચ્ચાર શરૂ કરીને ગૃહની કાર્યવાહીમાં સતત ખલેલ પહોંચાડી રહ્યા હતા.

વિપક્ષના સભ્યોએ રાજ્યમાં પેપર લીક મામલો ડ્રગ્સ કાંડ રાજ્યમાં કથળેલી કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ ના મુદ્દે સૂત્રોચાર ચાલુ રાખીને મુખ્યમંત્રી અને ગૃહરાજ્યમંત્રી રાજીનામું આપે તેવા સતત સૂત્રોચાર ચાલુ રાખીને કોંગ્રેસના ધારાસભ્યો પોતાની જગ્યાએથી ઊભા થઈ ને ભેગા થઈને સૂત્રોચ્ચાર ચાલુ રાખીને ગૃહની કાર્યવાહી ખોરવી નાખતા રાજ્યપાલશ્રીએ પાંચ જ મિનિટમાં પોતાનું પ્રવચન ટૂંકાવીને તેમનું પ્રવચન વાંચેલું માની લેવું એવી જાહેરાત કરી પ્રવચન ટૂંકાવ્યું હતું.

સત્રના પ્રારંભે વિરોધ પક્ષ કોંગ્રેસે વિવિધ મુદ્દાઓને લઈને સૂત્રોચ્ચાર કરીને હંગામો મચાવતાં ગૃહની કાર્યવાહી ખોરવાઈ ગઈ હતી. ત્યારબાદ વિધાનસભા અધ્યક્ષા એ ગૃહ ની કાર્યવાહી શરૂ કરી હતી અને પંદર મિનિટની રિસેસ પાડી હતી. ૧૫ મિનિટ બાદ ફરીને ગૃહ ની કાર્યવાહીનો પ્રારંભ થયો હતો.

મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઇ પટેલે સ્વર્ગસ્થ ધારાસભ્યોને શ્રદ્ધાંજલિ આપતો શોક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. જે ચર્ચાને અંતે સભ્યોએ બે મિનિટનું મૌન પાળી આજના દિવસની કાર્યવાહીને મુલત્વી રાખવામાં આવી હતી.

### વિધાનસભામાં ગાંધીનગર



- પ્રકાશ જહા

## જિલ્લામાં શાળા-આરોગ્ય ચકાસણી દરમ્યાન ૧૯-૨૦માં ૨૬૫ બાળકોને હૃદય-કિડની-કેન્સરની સારવાર અપાઈ છે

ગાંધીનગર, તા. ૨

ગાંધીનગર જિલ્લામાં ૨૦૧૯ અને ૨૦૨૦ દરમ્યાન હૃદય, કિડની અને કેન્સરની ગંભીર બિમારી ધરાવતા ૨૬૫ બાળકોને સુપર સ્પેશ્યાલીટી તબીબની સારવાર આપવામાં આવી છે.

૨૦૧૯માં આવા બાળકોને અપાયેલ સારવાર અંગે કોંગીના લાખાભાઈ ભરવાડના લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૨૦૧૯માં ૧૨૯ બાળકો જે હૃદય, કિડની અને કેન્સરની ગંભીર બિમારી ધરાવતા હતા તેમને સારવાર આપવામાં આવી હતી.

૨૦૨૦ના વર્ષ અંગે કોંગીના રઘુભાઈ દેસાઈના લેખિત પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યા મુજબ હૃદયની ૯૨, કિડનીના ૨૩ અને કેન્સરથી પિડીત ૨૧ બાળકો મળી ૧૩૬ બાળકોને સુપર સ્પેશ્યાલીટીની સારવાર આપવામાં આવી છે.

- **જિલ્લામાં હથિયાર પરવાના**

કોંગીના બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં હથિયાર પરવાના અંગે પુછેલા લેખિત પ્રશ્નના ઉત્તરમાં ગૃહમંત્રીશ્રીએ જણાવ્યુ છે કે સ્વરક્ષણ માટે ૧૦૧૭ અને પાક રક્ષણ માટે ૧૪૬ હથિયાર પરવાના આપવામાં આવ્યા છે.

તેમના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે ૩૧-૧૨-૨૦ની સ્થિતિએ ૪૪ જેટલા અરજદારોની પરવાના માટેની અરજીઓ પડતર છે જેમાં ૪૩ અરજદારોએ સ્વરક્ષણ માટે હથિયાર પરવાના માગ્યા છે તો ૧ અરજદારે પાક રક્ષણ માટે પરવાનાની માંગણી કરી છે.

- **રહેણાંકના પ્લોટમાં વાણિજ્યક પ્રવૃત્તિ**

કોંગીના શૈલેષ પરમાર અને દિયોદરના શિવાભાઈ ભૂરિયાએ ગાંધીનગર શહેરના રહેણાંક પ્લોટમાં કોમર્શીયલ પ્રવૃત્તિ અંગે પુછેલા અલગ-અલગ પ્રશ્નના ઉત્તરમાં માર્ગ-મકાન મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે આ પ્રકારે કોઈ સર્વે કરવામાં આવ્યો નથી.

- **બનાવટી દવાઓનું ઉત્પાદન અને વેચાણ કરતા પાંચ ઈસમો પકડાયા**

ગાંધીનગર જિલ્લામાં ગાંધીનગર ખાતે બનાવટી દવાનું ઉત્પાદન અને વેચાણ કરતા પાંચ ઈસમોને પકડી તેમની સામે નામદાર કોર્ટમાં કેસ દાખલ કરવામાં આવેલ છે તેમ કોંગીના લાખાભાઈ ભરવાડના એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં આરોગ્યમંત્રીશ્રીએ જણાવ્યુ છે.

## ગૃહમાં ૧૨ થી વધુ હેન્ડ સેનેટાઈઝર મશીનો લગાવાયા

ગાંધીનગર, તા. ૨

ગુજરાત વિધાનસભા ગૃહમાં કોરોના ગાઈડલાઈન્સને ધ્યાને રાખી ૧૨ થી વધુ સ્થાનો પર હેન્ડ સેનેટાઈઝર મશીનો મુકવામાં આવ્યા છે.

૮ લીટરની ક્ષમતા ધરાવતા ઓટોમેટીક હેન્ડ સેનેટાઈઝરથી ગૃહમાં આવતા જતા સભ્યો હેન્ડવૉશ કરતા હતા. કર્મચારીઓ અને અધિકારીઓ પણ હેન્ડવોશ કરતા હતા. આજે વિધાનસભા ગૃહમાં પણ સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે માટે અગાઉની જેમજ સભ્યોને પ્રેક્ષક ગેલેરીમાં બેસાડવામાં આવ્યા હતા.

## શહેરમાં પાનખરનું સૌંદર્ય



શિયાળાની કડકડતી ઠંડીમાં ઠુંઠવાઈ ગયેલી પ્રકૃતિએ જાણે આળસ મરડી છે. પ્રકૃતિ તેના નવા અવતારમાં જોવા મળી રહી છે. ગાંધીનગર શહેરમાં જ્યાં વૃક્ષોની સંખ્યા સવિશેષ છે ત્યાં વાતાવરણમાં આવેલા ફેરફારો પ્રકૃતિમાં જાણે સીધા જ ઝીલાઈ રહ્યા છે. વૃક્ષો તેના જુના પાંદડાઓ ત્યજીને નવી કુંપળો, નવા ફૂલો અને નવા ફળોને આવકારવા સજ્જ બની રહ્યા છે. પાનખરના તબક્કાના કારણે શહેરના માર્ગો પર જાણે કોઈએ પીળી ચાદર પાથરી દીધી હોય તેવુ લાગી રહ્યુ છે. આ મનોહર દશ્ય આંખોને ટાઢક આપી રહ્યું છે.

## ઓનલાઈન અંદાજપત્ર રજુ કરવાના અરમાન અધુરા રહેશે

### સચિવકક્ષાના બે અધિકારીઓ અને તેમની ટીમે ત્રણ રાત્રિ જગા કર્યા : તંત્રની મહેનત રંગ ના લાવી શકી પણ બજેટ તૈયાર કરી દીધુ

ગાંધીનગર, તા. ૨

રાજ્યના ૨૦મા નાણાંમંત્રી તરીકે આજે રાજ્યના નાણાંમંત્રી કનુભાઈ દેસાઈ તેમનુ પ્રથમવાર અંદાજપત્ર રજુ કરશે.

ગુજરાત વિધાનસભામાં ઓનલાઈન બજેટ રજુ કરવાની ઈચ્છા આ સરકારમાં પણ અધુરી રહેવા પામી છે. રાજ્ય સરકારે બજેટ માટે ખાસ આઈએફએમએસ-ટુ સોફ્ટવેર ડેવલપ કરાવ્યુ છે. જો કે તેમાં સદરો અને પેટા સદરોમાં નીચેની કચેરીઓમાંથી પુરી વિગતો રજુ થઈ ન હોવાથી તંત્રને આ વર્ષે પણ ભારે જહેમત ઉઠાવવી પડી હતી.

આ અંદાજપત્ર તૈયાર કરવામાં સચિવકક્ષાના બે જેટલા અધિકારીઓ અને તેમની ટીમે ત્રણેક દિવસ તો સતત રાતના ત્રણ વાગ્યા સુધી કામ કર્યુ હતુ અને બજેટને આખરી ઓપ આપવામાં આવ્યો છે.

આઈએફએમએસ-ટુ સોફ્ટવેર માટે નાણાં વિભાગે ત્રણ મહિના સુધી સઘન તાલિમ અને બેઠકો યોજી હતી રંતુ ધારી સફળતા ન મળતાં હવે ઓનલાઈન બજેટ રજુ થઈ શકશે નહિ.

મળતી વિગતો પ્રમાણે ભૂપેન્દ્રભાઈ પટેલનું આ પ્રથમ બજેટ ચૂંટણી પૂર્વેનું બજેટ હોવાથી ઘણી બધી રાહતો સાથે ઘણી બધી નવી બાબતોનો સમાવેશ અંદાજપત્રમાં કરવામાં આવ્યો છે.

રાજ્યમાં વધતા જતા શહેરીકરણને ધ્યાને રાખી આંતર માળખાકીય સેવાઓના સુદઢીકરણ તેમજ આરોગ્ય સેવાઓના અને શિક્ષણના વ્યાપના વિસ્તાર પર ખાસ ભાર મુકવામાં આવ્યો છે.

કૃષિમાં પ્રાકૃતિક ખેતી અને પશુપાલનમાં આધુનિક પદ્ધતિઓના ઉપયોગ માટે પ્રોત્સાહિત કરવા ખેડૂતો માટે આકર્ષક જાહેરાતો કરાશે આ ઉપરાંત કેટલીક રાહતો પણ આપવામાં આવશે તેવા સંકેત મળી રહ્યા છે.

પંચાયતીરાજના માળખાને વધુ સુદઢ કરવા માટે તેમજ ૬ જેટલી જિલ્લા પંચાયતોને નવા મકાનો માટે સહાય અને જમીન ફાળવણીને લઈ જાહેરાત કરવામાં આવી શકે છે. આ ઉપરાંત જિલ્લા ગ્રામ વિકાસ એજન્સીનું જિલ્લા પંચાયત સાથે એકીકરણને લઈ પંચાયતના નવા મહેકમ સેટ-અપ અંગે પણ મોટી જાહેરાત થઈ શકે છે તેવા નિર્દેશો મળી રહ્યા છે.

કનુભાઈ દેસાઈ આમ તો ખુબજ કસાયેલા કાર્યકર હોઈ તેમજ ગ્રામીણ અને ઉદ્યોગ જગતને પણ નજીકથી જાણતા હોવાથી

● અનુસંધાન પાન-૭

## રાંધેજા રેલવે ફાટક પર વાહનચાલકો માટે આજા ફસાજા જેવી સ્થિતિ

### ફાટક મુકત ગુજરાતની વાતો વચ્ચે ગાંધીનગર નજીક રેલવે ફાટક પર રોજબરોજ ટ્રાફિક જામના દ્રશ્યો : ફોરલેન માર્ગ પર ટુ લેન ફાટકના લીધે બોટલ નેક ટ્રાફિક જામથી વાહનચાલકો ત્રાહીમામ

ગાંધીનગર તા ૨

ગુજરાતને ફાટક મુકત કરવાનો નિર્ણય લેવાયો છે. ત્યારે હાલમાં પણ ઘણાં ઠેકાણે ઠેર ઠેર રેલવે ફાટકના લીધે સતત ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. રાંધેજા ઘુંઘટ પાસે સ્થિત રેલવે ફાટક પાસે પણ આવી જ સ્થિતિ જોવા મળી રહી છે. જેના લીધે વાહનચાલકો ત્રાહીમામ પોકારી ગયા છે. આ ફોરલેન માર્ગ પર ટુ લેન ફાટકના લીધે બોટલનેક ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે. આ સ્થિતિ નિવારવા માટે અગાઉ તંત્ર દ્વારા ફાટકને ફોરલેન કરવા માટે પણ દરખાસ્ત કરવામાં આવી છે. પરંતુ હજુ સુધી કોઈ આયોજન થયુ નથી ત્યારે આ ઠેકાણે રોજબરોજ અડધા અડધા કલાક સુધી ટ્રાફિકમાં ફસાઈ જતા વાહનચાલકો હવે તોબા પોકારી ગયા છે. આ સ્થિતિનુ નિવારણ લાવવા માટે પણ રજુઆત કરવામાં આવી છે. આ રૂટમાં નિકળતી એમ્બ્યુલન્સ પણ ટ્રાફિક જામમાં અટવાતા દર્દીઓની હાલત વધુ દયાજનક બનતી હોવાનો આક્રોશ પણ સ્થાનિકો ઠાલવી રહ્યા છે.

ફાટક મુકત ગુજરાત કરવાનો અભિગમ ગુજરાત સરકારે અપનાવ્યો છે. પરંતુ ગાંધીનગર જિલ્લાની હદમાં જ હજુ ઘણાં રેલવે ફાટકો આમ નાગરિકો માટે રોજબરોજ શિરદર્દ ઉભો કરે છે. રેલવે ફાટકના વિસ્તારમાં ટ્રાફિક જામ થતા અડધા કલાક સુધી વાહનચાલકોનો સમય વેડફાય છે. પેટ્રોલનો પણ દુર્વ્યય થાય છે જયારે પ્રદુષણની માત્રા પણ વધે છે. ગાંધીનગર નજીક સ્થિત રાંધેજા માં આવા બે ફાટક હાલ છેલ્લા ઘણાં સમયથી વાહનચાલકો માટે પરેશાનીનુ કારણ બન્યા છે. ઘુંઘટ હોટલ પાસે સ્થિત ફાટક વારંવાર બંધ હોવાથી અહીં સતત ટ્રાફિક જામના દ્રશ્યો જોવા મળે છે જેના

● અનુસંધાન પાન-૭

## શહેરમાં ગરમી વધી

### મહત્તમ તાપમાન ૩૪.૮ ડીગ્રી : મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં ફેરફારના લીધે બેવડો તફાવત : વાતાવરમાં ભેજનુ પ્રમાણ પણ ઘટયુ : માર્ચના અંત સુધીમાં ગરમીનો પારો ૪૦ ડીગ્રી સૂધી ઉપર જવાની સંભાવાના

ગાંધીનગર તા ૨

ગાંધીનગરમાં સુસવાટા મારતી સવારની ઠંડી બાદ હવે બળબળતી બપોરના લીધે જનજીવન પ્રભાવિત થઇ રહ્યુ છે. એકબાજુ ઠંડી અદ્રશ્ય થઇ રહી છે. આજે મહત્તમ અને લઘુત્તમ તાપમાનમાં નોંધપાત્ર ફેરફાર જોવા મળ્યો છે. આજે ગરમીનો પારો ૦.૮ ડીગ્રી ઉંચકાયો હતો જયારે ગઇકાલની સાપેક્ષમાં ઠંડી ૩ ડીગ્રી ઘટી હતી જો કે હવે દિનપ્રતિદિન ઠંડી ઘટવાની સાથે ગરમીનો પ્રકોપ વધી રહ્યો છે. આજે દિવસ દરમિયાન અંગ દઝાડતી ગરમીથી નગરજનો આકુળવ્યાકુળ બન્યા હતા.માર્ચ મહીનાના અંત સુધીમાં મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રી સુધી જવાની સંભાવના છે.

ગાંધીનગરમાં ઉનાળો આકરો બનતો જાય છે. છેલ્લા પાંચ સાત દિવસથી ગરમીનો પારો ૩૩ ડીગ્રીને પાર જોવા મળે છે. જયારે આજે ગરમી વધતા દિવસનો તાપ વધુ આકરો બન્યો હતો આજે મહત્તમ તાપમાન ૦.૮ ડીગ્રી ઉંચકાયુ હતુ જયારે લઘુત્તમ તાપમાન પણ ૩ ડીગ્રી ઉપર આવતા ઠંડી ઘટી હતી. વધતી ગરમી વચ્ચે ઠંડીનુ જોર દિનપ્રતિદિન ઘટતા ઉનાળાની આકરી ગરમીનો અહેસાસ નગરજનો કરી રહ્યા છે. છેલ્લા ચાર દિવસમાં લઘુત્તમ તાપમાનમાં ૬ ડીગ્રીનો તફાવત જોવા મળ્યો છે. ત્રણ દિવસ અગાઉ લઘુત્તમ તાપમાન ૧૨ ડીગ્રીની આસપાસ હતુ જેના લીધે શહેરીજનો બેવડીઋતુની આસર અનુભવી રહ્યા હતા. જો કે હવે ધીમે ધીમે ગરમી વધતા દિવસનો તાપ આકરો બન્યો છે. અંગ દઝાડતી ગરમીનો અહેસાસ કરતા નગરજનોને આગામી ગરમીના દિવસો વધુ આકરા પુરવાર થશે તેનો અણસાર આવી ગયો છે. હવામાન

● અનુસંધાન પાન-૭

## આવાસોમાં અનઅધિકૃત કબજેદારોના ઈન્ક્રીમેન્ટ સહીતના લાભો બંધ કરાશે

### આવાસોને અનઅધિકૃત કબજેદારોની ચુંગાલમાંથી મુક્ત કરવા તંત્ર હવે તબક્કાવાર કડક કાર્યવાહી હાથ ધરશે

ગાંધીનગર તા ૨

ગાંધીનગરના સેકટરોમાં સ્થિત વિવિધ કક્ષાના સરકારી આવાસો રહેણાંકને લાયક રહ્યા નથી જયારે જે આવાસો રહેણાંકને લાયક છે તેમાં પણ કેટલાક મકાનો અનઅધિકૃત કબજેદારોનો વસવાટ છે. આવા સંજોગોમાં અનઅધિકૃત કબજેદારોને દુર કરવા માટે તંત્રએ અગાઉ આવા કર્મચારીઓ કે અધિકારીઓના ઈન્ક્રીમેન્ટ તેમજ ડી એ સહીતના લાભો બંધ કરવા માટે દરખાસ્ત કરી હતી જયારે આ દરખાસ્તને મંજુરી આપી દેવાતા હવે આવાસોના મામલે તંત્ર વધુ કડક કાર્યવાહી કરશે જેના લીધે તંત્રના ચોપડે મોટી થતા પ્રતિક્ષા યાદીને પણ ન્યાય મળશે.

ગાંધીનગરમાં રહેણાંકને લાયક આવાસો રહ્યા નથી ત્યારે માર્ગ મકાન વિભાગ માટે કર્મચારીઓને મકાન ફાળવવાનુ ચેલેન્જરૂપ બન્યુ છે. આવા સંજોગોમાં એકબાજુ જોખમી મકાનો તોડવાની સાથે નવા આવાસો બાંધવાની કામગીરી પણ ચાલી રહી છે. ત્યારે બીજીતરફ સરકારી આવાસોમાં લાંબા સમયથી અનઅધિકૃત કબજો ધરાવતા કબજેદારોને હાંકવા માટે પણ તંત્રએ હવે કડક કામગીરી હાથ ધરી છે. અનઅધિકૃત કબજેદારોના કિસ્સામાં કર્મચારીઓ અને અધિકારીઓને ઈન્ક્રીમેન્ટ અને ડી એ બંધ કરવા સુધીના કડક પગલા લેવાની દરખાસ્ત વિભાગ કક્ષાએથી કરવામાં આવી હતી જયારે આ દરખાસ્તને આખરે મંજુરી આપી દેવામાં આવી છે. શહેરના સેકટરોમાં વિવિધ સેકટરોમાં સરકારી આવાસમાં રહેતા કર્મચારીઓ અને આવાસ ઈચ્છુક કર્મચારીઓમાં હાલ આ મુદ્દો ચર્ચાસ્થાને છે. ઈવીકશન કોર્ટમાં હાલ આ મામલે ૧૩૮ જેટલા કેસ ચાલી રહ્યા છે. આવા કેસની કાર્યવાહી દરમિયાન થતી દલીલો અન્વયે મુદ્દાઓને ધ્યાનમાં રાખીને કોર્ટ કક્ષાએથી સરકારી તંત્ર દ્વારા આકરા પગલા લેવાય તેવા સંકેતો અપાયા હતા જેને અનુલક્ષી પાટનગર યોજના વિભાગ દ્વારા અનઅધિકૃત કબજો ધરાવતા કર્મચારીઓ અને અધિકારીઓના ઈન્ક્રીમેન્ટ અને ડી એ સહીતના લાભા અટકાવવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી સરકારે આ દરખાસ્તને મંજુર કરાતા હવે આગામી દિવસોમાં તેનો અમલ કરવામાં આવશે. અધિકારીઓના મતે ઈવીકશન કોર્ટમાં કેસ કરતા પુર્વે જ આ મુજબના પગલા ભરવામાં આવશે. સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર છેલ્લા એક વર્ષમાં આવાસોમાં અનઅધિકૃત કબજો ધરાવતા હોય

● અનુસંધાન પાન-૭

છઠ્ઠી પુણ્યતિથિએ
ભાવાંજલિ



સ્વ. યશવંતરાય બી. ભટ્ટ
સ્વર્ગવાસ તા. 3/3/૨૦૧૬

સ્વજન ગુમાવ્યાની વ્યથા શબ્દમાં સમાતી નથી,
હર હંમેશ હેતની લાગણી સહેજે વિસરાતી નથી,
આપના સ્નેહની સુગંધ સર્વક્ષ પ્રસરતી રહેશે.
વસ્યા છો દૂર છતાં કૃપા આપની વરસતી રહેશે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના

લી.
ગં.સ્વ. ઉર્મિલાબેન વાય. ભટ્ટ
રૂપલ કમલેશભાઈ દવે - રિદ્ધિ-હાર્દિકકુમાર
જિજ્ઞાસા સુકેતુભાઈ મહેતા - નિધિ-નિલકુમાર
દિપલ સમિરભાઈ નાણાવટી
કોશા - નિસર્ગ

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White THE WHITEST WHITE CEMENT
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2015 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર.
મો. : ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com